# ૪.૧ જૈન ધર્મનો પ્રાદુર્ભવ અને પરિચય.

**સૌથી પ્રાચીન ધર્મ** : માનવ સંસ્કૃતિની શરૂઆતથી જ ભારતે રાષ્ટ્રોની આધ્યાત્મિક માતા તરીકે હંમેશાં ભાગ ભજવ્યો છે. ડૌ. એસ. સી. વિદ્યાભૂષણ જણાવે છે કે "જો ભારત પોતાના આધ્યાત્મીક અને તાત્ત્વિક વિકાસમાં અજોડ સ્થાન ભોગવતું હોય તો, કોઈ પણ વ્યક્તિ એટલું તો સ્વીકારશે જ કે એમાં બ્રાહ્મણો અને બૌદ્ધો કરતાં જૈનોનો ઉદાત્ત ફાળો જરા પણ ઓછો નથી." બીજાઓની સાથે એ પણ એવા અભિપ્રાય ધરાવે છે કે, "જૈન ધર્મ સર્વશ્રેષ્ઠ પ્રાચીન ધર્મોમાંનો એક છે." સર સન્મુખમ્ ચેટ્ટીએ કહ્યું છે કે, "જૈન ધર્મની મહત્તા વિષે કાંઈ કહેવું એ મારા ગજા ઉપરાંતની વસ્તુ છે. જૈનોનો ભારતીય સંસ્કૃતિના વિકાસમાં કંઈક અજોડ ફાળો છે. હું અંગત રીતે માનું છું કે ભારતમાં કેવળ જૈન ધર્મ જ પક્કડ જમાવી શક્યો હોત, તો કદાચ આપણને વધારે સંગઠિત ભારત પ્રાપ્ત થયું હોત, અને તે ખરેખર આજની સરખામણીમાં વધારે મહાન હોત."

મનુષ્યની ભૌતિક અને નૈતિક પ્રકૃતિ જેટલી હદ સુધી તેનું અંતિમ ધ્યેય દર્શાવી શકે, એટલી હદ સુધી તેનું અંતિમ ધ્યેય દર્શાવતા સર્વોચ્ચ આદર્શોનો સાક્ષાત્કાર જૈન ધર્મની ચાવી છે અને સ્વાભાવિક રીતે તે વિશ્વવ્યાપી મધ્યમવર્તી સામાન્ય સિદ્ધાંત બને છે.

જૈન ધર્મ પ્રાગ્ઐતિહાસિક (જે સમયમાં લેખન ન હતું), અર્ધ ઐતિહાસિક અને ઐતિહાસિક સમયમાં અસ્તિત્વમાં રહેલો જણાય છે. માનવજાતિના આ સૌથી પુરાણા ધર્મને કેવળ ધર્મ અથવા માનવધર્મ અથવા મગ્ગ (માર્ગ અથવા પથ) સિંધુ નદીની ખીણની સંસ્કૃતિના દિવસોમાં ઋષભ સંપ્રદાય અથવા જૈન ધર્મ, વૈદિક પ્રજામાં વ્રાત્ય ધર્મ અથવા અહિંસા ધર્મ, ઉપનિષદોના સમયમાં અર્હંત ધર્મ અથવા આત્મધર્મ, બુદ્ધોના સમયમાં નિગંઠ ધર્મ, ઈન્ડો – ગ્રીક અને ઈન્ડો–સીથીયન સમયમા શ્રમણ ધર્મ, કહેવાતા હિંદુ સમયમાં જૈન ધર્મ, સ્યાદ્વાદમત અથવા અનેકાંતમત, ભક્તિ પ્રવુતિના દિવસોમાં, ખાસ કરીને, દક્ષિણમાં ભાવ્ય ધર્મ, રાજપુતાના શ્રાવક ધર્મ, પંજાબમાં ભાવદાસ ધર્મ વગેરે વગેરે નામે ઓળખાયો છે. એ સંસ્કૃત માનવ જાતિની સૌથી પુરાણી ધાર્મિક પદ્ધિત અને શુદ્ધ રીતે અસલી સ્વરૂપ હોવા ઉપરાંત એ એક જ ધર્મ એવો છે, જે અત્યંત આશ્ચર્યજનક રીતે આટલો વખત થયા છતા ટકી રહ્યો છે અને આજે પણ પોતાનું મહત્ત્વ, ગૌરવ જાળવી રહ્યો છે. તેની શરૂઆતથી માંડીને તેના સંપર્કમાં આવેલી સર્વ ધાર્મિક પ્રવૃત્તિઓ વિષે તે સક્રિય અસર અને પરિણામો નીપજાવી રહી છે અને માનવીય વિચાર અને સંસ્કૃતિ પર અસર કરી રહી છે; સંસ્કૃતિના સર્વ ક્ષેત્રમાં પણ તેનો ફાળો નાનો સૂનો કે અર્થ શૂન્ય નથી. શાંતિ, શુભેચ્છા, સાર્વત્રિક બંધુભાવ દર્શાવતો મંગલમય આશીર્વાદાત્મક સંદેશો કેવળ પોતાની જન્મભૂમિ પૂરતો જ નહિ, પરંતુ સમગ્ર સમષ્ટિ માટે, કેવળ વ્યક્તિ માટે નહિ પરંતુ સમગ્ર માનવજાતિના કલ્યાણ અર્થે આપવામાં આવ્યો છે," ડો. નાગે કહ્યું છે કે "જૈન ધર્મ, એ કોઈ અમુક ચોક્કસ જાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી. એ તો જીવમાત્રનો ધર્મ છે. એ આંતરાષ્ટ્રીય અને સમગ્ર વિશ્વનો ધર્મ છે."

ખ્રિસ્તી ધર્મ પ્રચારક એ. જે. ડુ બોઈસના શબ્દોમાં, "હાં! જિનનો ધર્મ આ પૃથ્વી પરનો સર્વ માનવજાતિનો આદિ ધર્મ છે, સત્યધર્મ છે."

વ્યાકરણના પ્રમાણ પર આધારિત એ ઐતિહાસિક સત્ય છે કે પૂર્વની આર્ય સંસ્કૃતિ સૌથી પ્રાચીન છે.

"શરૂઆતમાં માનવજાતમાં સત્ય સ્થાપિત થયેલું હતું. પરંતુ ધીરે ધીરે દુર્લક્ષ સેવાતુ ગયું અને અંતે ભૂલાઈ ગયું. તે ગાળા પછી જ્ઞાન અનુસ્મરણ તરીકે આપણને મળી રહ્યું છે." (શ્રી કૃષ્ણ)

પશ્ચિમી વિદ્વાનોએ જૈનોના શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોત તો પુદ્‌ગલનો પરમાણુ વિષેનો સિદ્ધાંત કનાડ અને ગ્રીક તત્વજ્ઞાનીઓના સમયથી ભગવાન શ્રી પાર્શ્વનાથના સમય સુધી (ઈ.સ. પૂર્વે ૮૪૨) વિસ્તૃત થયો હોત અન્યથા નહિ. પશ્ચિમના વિદ્વાનો ભગવાન શ્રી પાર્શ્વનાથને ઐતિહાસિક વ્યક્તિ અને જૈન ધર્મના સ્થાપક તરીકે માનવા લાગ્યા છે.

કેવળ જૈન પ્રણાલિકાઓ જ નહિ પરંતુ લગભગ બધા જ બ્રાહ્મણ પુરાણો એ હકીકતનું સમર્થન કરે છે કે, નાભિના પુત્ર ઋષભના પુત્ર ભરતના નામ ઉપરથી મુલકનું નામ ભારત પડેલું. આ ઘટનાને લગતા ઉલ્લેખો વેદો તેમજ વૈદિક સાહિત્યની બીજી શાખાઓમાં પણ જોવા મળે છે. પ્રાધ્યાપક જે. સી. વિદ્યાલંકાર જણાવે છે “શકુંતલા અને દુષ્યંતના પુત્ર ભરતના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત– વર્ષ પડ્યું એમ માનવાની આપણને લાલચ થાય છે. પરંતુ આ નામ તો કોઈક પ્રાગ્ઐતિહાસિક વ્યક્તિ અથવા દંતકથામાં આવતા મનુષ્ય, ઋષભના પુત્ર, બીજા ભરતરાજા, જે ઘણા જૂના સમયમાં થઈ ગયા હતા તેમના નામ ઉપરથી આપવામાં આવ્યું હોવાનું જણાય છે.” બીજી જગ્યાએ કહે છે કે, “આ જૈન તીર્થંકરોના પ્રથમ તીર્થંકર ઋષભદેવ હતા અને તેમના પુત્ર ભરતના નામ ઉપરથી આ દેશ ભારતવર્ષ તરીકે જાણીતો થયો.” આમ જૈન પ્રણાલિકાઓમાં દર્શાવ્યા પ્રમાણેના પ્રથમ ઋષભદેવના પુત્ર પ્રથમ ચક્રવર્તી સમ્રાટ ભરતની ઐતિહાસિક સાબિતી અને આ સિવાય ભારતીય રાજા વિષે જ્યારે તેના અસ્તિત્વ વિષે વિવિધ પ્રણાલિકાઓ દ્વારા ખાસ કરીને સારૂ એવુ સમર્થન મળે છે ત્યારે એમ કહી શકીએ કે તે વિશ્વવિજેતા અને જગતની સમર્થ વ્યક્તિ હતી.

સિંધુ નદીના ખીણમાં ખોદકામ કરતાં મળી આવેલી મોહન – જો ડેરો અને હડપ્પા સંસ્કૃતિની યુગપ્રવર્તક પ્રાગ્ઐતિહાસિક ઘટના જૈન ધર્મની પ્રાચિનતા વિષે નવો અને અર્થપૂર્ણ પ્રકાશ પાથરે છે. સર જોન માર્શલ ભારપૂર્વક જણાવે છે કે, “સિંધુ નદી અને વૈદિક સંસ્કૃતિની તુલના અસંદિગ્ધપણે દર્શાવુ છે કે તેઓમાં એકબીજા સાથે કોઈ સંબંધ ન હતો. ઔપચારિક રીતે વૈદિક ધર્મ મૂર્તિપૂજાની વિરૂદ્ધ છે. મોહન–જો–ડેરો અને હડપ્પામાં મૂર્તિપૂજા દરેક જગ્યાએ જણાય છે. મોહન–જો–ડેરોના ઘરોમાં અગ્નિની વેદી સ્પષ્ટ રીતે જણાતી નથી.”

ડો. કાળીદાસ નાગ કહે છે કે, “જે લોકો ઈતિહાસ જાણવાનો દાવો કરે છે, તેમાંના કોઈ એટલું જાણતા નથી કે બુદ્ધ પહેલાં લાખો વર્ષો પૂર્વે, એક બે નહિ પરંતુ કેટલાક જૈન તીર્થંકરોએ અહિંસાના ધર્મસંદેશાનો પ્રચાર કરેલો. જૈન ધર્મ અતિ પ્રાચીન ધર્મ છે અને તેણે ભારતીય સંસ્કૃતિને ઘણું આપ્યું છે.” વળી ડો. જેકોબી એવો પણ અભિપ્રાય ધરાવતા કે જૈન ધર્મ ભારતના શરૂઆતના તત્ત્વજ્ઞાન સાથે સંકળાયેલો હતો. ભારતીયો દ્વારા સંશોધનો કરવામાં આવેલા અણુસિદ્ધાંતના  વિકાસ વિષે પ્રવચન કરતાં બીજા સુપ્રસિદ્ધ વિદ્વાન જણાવે છે કે, “ઉપનિષદોમાં જાળવી રાખવામાં આવેલા અતિ જૂના તાત્ત્વિક ચિંતનમાં આપણને અણુસિદ્ધાંતની નિશાની સુદ્ધાં પણ જોવા મળતી નથી અને તેથી જે વેદાંત સૂત્ર, ઉપનિષદોના શિક્ષણ વિષે પદ્ધતિસર અર્થઘટન કરવાનો દાવો કરે છે. તેમાં એનુ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે એટલું જ નહિ સાંખ્ય અને યોગ તત્ત્વજ્ઞાન, જેમનું રૂઢિચુસ્ત શાસ્ત્રોમાં દ્વિતિય સ્થાન આપે છે, તે શાસ્ત્રો પણ અણુ–સિદ્ધાંતોનો સ્વીકાર કરતા નથી. આને રૂઢિચુસ્ત શાસ્ત્રો એટલા માટે કહે છે કે, વૈદાંત સૂત્ર તેમને વેદો સાથે સુસંગત એવા સ્મૃતિ વચનો ગણવાનો અધિકાર આપે છે.”

જૈનશાસ્ત્રોમાં વર્ણવેલા કોઈપણ સત્યનું પ્રાચીન ઉદ્‌ભવસ્થાન આલેખવામાં મુખ્ય કઠિનાઈ એ આવી પડે છે કે તે પ્રાચીન સમયમાં કાગળનો ઉપયોગ થતો ન હતો જ્ઞાન ગુરૂથી શિષ્યને મૌખિક રીતે આપવામાં આવતું હતું.

જૈન ધર્મનું શ્રુત સાહિત્ય ઈ.સ.ની પાંચમી સદીમાં શ્વેતાંબર સંતો દ્વારા સ્થપાયું અને લખાયું કારણ કે અહિંસાપાલન, સાધુના અપરિગ્રહ વ્રત અને યોગ્યને જ પ્રદાન કરવું આદિ હેતુઓથી પ્રાચીન કાળમાં તે મુખપાઠ દ્વારા જ ભણાવવામાં આવતું હતું પરંતુ પછીના કાળમાં સાધુઓ સર્વ શ્રુતજ્ઞાન કંઠસ્થ ન રાખી શકવાથી ભગવાન શ્રી મહાવીર સ્વામી પછી ૯૮૦ વર્ષે આચાર્ય શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની આગેવાની હેઠળ જેટલું શ્રુતજ્ઞાન મુખપાઠ હતું તે વધુ નાશ ન પામે તે હેતુ થી પુસ્તકારૂઢ કર્યું. આ મુજબ તે પૂર્વે પણ શ્રુત વિદ્યમાન હતું જ.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु